

# બાયડના વારેણા ગામની મહિલાઓએ મહિલા દૂધ ઉત્પાદક મંડળીની માંગ સાથે ૮૦૦ લીટર દૂધ ઢોળી વિરોધ નોંધાવ્યો

બાયડના વારેણા દૂધ મંડળી અને અરજણવાવ શીત કેન્દ્ર વચ્ચે લાંબા સમયથી શીતયુદ્ધ ચાલી રહ્યું છે. વારેણા ગામમાં આંતરિક ડખાને લીધે બે જૂથ પડી ગયા છે જેમાં એક જૂથની મહિલાઓ દ્વારા સાબરડેરીમાં મહિલા દૂધ ઉત્પાદક મંડળીની માંગ સાથે ચોઈલા ગામે આવેલી આદર્શ ચોઈલા દૂધ મંડળીમાં દૂધ ભરાવવામાં આવતું હતું. વારેણા દૂધ મંડળીના સંચાલકોએ સાબરડેરી રજુઆત કરી વારેણા દૂધ ઉત્પાદક મંડળીના પશુ ધિરાણ સહીત અન્ય ધિરાણ બાકી હોવાથી સાબરડેરીમાં રજુઆત કરતા સાબરડેરીએ આદર્શ ચોઈલા દૂધ મંડળીમાં દૂધ નહિ સ્વીકારવા આદેશ કરતા ૮૦૦ લીટર દૂધ ન સ્વીકારતા મહિલાઓએ અરજણ શીતકેન્દ્રમાં રજુઆત કરતા કોઈ યોગ્ય ઉકેલ ન આવતા શીતકેન્દ્ર આગળ ૮૦૦ લીટર દૂધ ઢોળી સાબરડેરીના નામે છાજીયા લઈ વિરોધ નોંધાવ્યો હતો. વારેણા ટીંબા ફળીમાં મહિલા ડેરી વારેણા આપવામાં આવે તો મૂળ દૂધ ઉત્પાદક મંડળી ધી વારેણા બોરટિંબા દુ.ઉ.સ.મ.લી જે અલગ પડતા મહિલા ડેરીના ગ્રાહકો પાસે મૂળ મંડળીમાં જો ઓડિટ કરતા જે બાકી નીકળતા પૈસા મહિલાઓ ભરવા તૈયાર હોવાની સાથે ભાવફેર પણ લેવાનો હોવાથી સાબરડેરીમાં લેખિત રજુઆત કરી મહિલા ડેરીની માંગ કરી ધી વારેણા બોરટિંબા દુ.ઉ.સ.મ.લી ગેરવહીવટ ચાલતો ગેરવહીવટ ચાલતો હોવાના આક્ષેપ કર્યો હતો. મહિલાઓના દૂધ ઢોળી છાજીયા લઈ આક્રમક વિરોધ નોંધાવ્યો હતો અને ટીંબા ફળીમાં મહિલા ડેરી વારેણા આપવામાં આવેની માંગ પર અડગ હોવાનું જણાવ્યું હતું.



## ભિલોડા એસ.ટી. બસ ડેપોમાં ૧૭ નિવૃત્ત કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર ડીવીઝનના ભિલોડા એસ.ટી.બસ ડેપોમાં ૧૭ નિવૃત્ત કર્મચારીઓનો સન્માનભેર વિદાય સમારંભ યોજાયો હતો. ભિલોડા એસ.ટી. બસ ડેપો મેનેજર એ.કે. બરંડાના અધ્યક્ષસ્થાને વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલ ૧૭ કર્મચારીઓનો સન્માન સમારોહ ભારતીય મજદુર સંઘના નેજા હેઠળ યોજાયો હતો. વય મર્યાદાના કારણે નિવૃત થતાં ૧ ટી.સી., ૭ ડ્રાઈવર, ૫ કંન્ડક્ટર, ૩ મિકેનીક હેલ્પર, ૧ પાર્ટ ટાઈમ કર્મી સહિત કુલ ૧૭ કર્મીચારીઓ નિવૃત્ત થતાં તેમને નિવૃત્તી ઓર્ડર, શ્રીફળ, ફુલહાર અને શાલ ઓઢાડી દબદબાભેર સન્માનીત કરી એસ.ટી. બસ ડેપો ખાતેથી વિદાય અપાઈ હતી. ભિલોડા બી.એમ.એસ. ટીમને ડ્રાઈવર, કંન્ડક્ટર, મિકેનીક સાઈડના તમામ કર્મચારી તેમજ એ.ડી.એમ. સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમને શોભાયમાન બનાવવા માટે નિવૃત્ત કર્મચારીઓના સગાં-સ્નેહીઓ ઉપસ્થિત રહી તેઓ ધ્વારા પણ સન્માન કરાયું હતું. આ પ્રસંગે શંકરભાઈ પટેલ, એન.જી.સોલંકી, જગદીશભાઈ પટેલ, દિપકભાઈ સુથાર, મુકેન્દ્રસિંહ સિસોદીયા, રાજેન્દ્રસિંહ ચંપાવત સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

## બાયડ પીએસઆઈની સતર્કતાથી પલ્સર પર પસાર થતા મોબાઈલની લૂંટ ચલાવનાર બે શખ્સો ઝડપાયા

બાયડ, તા. ૨

બાયડ બસ સ્ટેન્ડ નજીકથી પલ્સર બાઈક પર પસાર થતા બે શખ્સોની શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતા બાયડ પીએસઆઈ કે.કે. રાજપૂતે અટકાવી તલાસી લેતા ત્રણ ચોરીના મોબાઈલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. અરવલ્લી જીલ્લામાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતાથી અને આસાનીથી રૂપિયા મેળવવા કેટલાય યુવકો અને લબરમૂછિયા ચોરી અને ચેઈન સ્નેચીંગ જેવા ગુન્હાખોરીમાં ધકેલાઈ રહ્યા છે. સોમવારે રાત્રીના સુમારે કોમ્બિંગ નાઈટમાં બાયડ પોલીસ સ્ટેશનના પીએસઆઈ કિરણ રાજપૂત અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી બસ સ્ટેન્ડ નજીકથી મોડી રાત્રીએ પલ્સર બાઈક પર પસાર થતા સુરપાલ જયંતીભાઈ વાદી (રહે, ભેમાપુર, મેઘરજ) અને દિલીપ અમરાભાઈ રાવળ (રહે, ઈન્દિરાનગર, મેઘરજ)ને શંકાસ્પદ જણાતા અટકાવી તલાસી લેતા ૩ સ્માર્ટ ફોન મળી આવતા સઘન પૂછપરછ હાથ ધરાતા ૨ મોબાઈલ ધનસુરા-બાયડ પર ધનસુરા નજીક આવેલી શ્યામ વેલ્ડિંગ વર્કસમાંથી અને ૧ મોબાઈલ વાત્રક બીબીપુરા નજીક આવેલા ગુરુદેવ કોલ્ડ સ્ટોરેજમાંથી ચોર્યા હોવાનું કબુલી લીધું હતું. બાયડ પોલીસે ત્રણ સ્માર્ટ ફોન કિં. રૂ.૧૫૦૦૦ અને પલ્સર બાઈક કિં. રૂ.૧૦૦૦૦ મળી કુલ રૂ. ૨૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સુરપાલ જયંતીભાઈ વાદી (રહે, ભેમાપુર, મેઘરજ), દિલીપ અમરાભાઈ રાવળ (રહે, ઈન્દિરાનગર, મેઘરજ) વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બાયડ પોલીસ સ્ટેશન અને ધનસુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વણ ઉકેલ્યા બે ગુન્હા શોધવામાં સફળતા મળી હતી.

### જીપીએસસી દ્વારા આયોજીત પોલીસ ઇન્સ્પેક્ટરની પરીક્ષાના પ્રશ્નપત્રમાં

## ગુરુ બ્રાહ્મણ સમાજ માટે અપમાનજનક શબ્દ વપરાતા કલેકટરને આવેદનપત્ર અપાયું

### પેપર કાઢનાર જવાબદાર અધિકારીએ સમગ્ર સમાજને અપમાનિત કરેલ હોય કાયદેસરની કાર્યવાહી કરવા માંગ

ગુરુ બ્રાહ્મણ સમાજ માટે સરકારશ્રી દ્વારા સન્માનજનક શબ્દ અપાયેલ હોવા છતાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તાજેતરમાં જ લેવાયેલ પરીક્ષા માં પ્રતિબંધિત શબ્દ વાપરીને સમગ્ર ગુરુ બ્રાહ્મણ સમાજને અપમાનિત કરેલ હોય જેથી જવાબદાર કર્મચારી સામે કડક પગલાં લેવા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા દ્વારા કલેકટર શ્રી સંદિપ સાગલેને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું જેમાં જણાવાયું છે કે તા ૩૦/૬/૨૦૧૯ ના રોજ ગુજરાત જાહેર આયોગ સેવા દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર ની પરીક્ષા લેવામાં આવી હતી જે પરીક્ષાના પ્રશ્ન પુસ્તીકામાં નં. સી માં ક્રમાંક ૧૩૪ ઉપર જે પ્રશ્ન પુછવામાં આવ્યો છે તેના જવાબના ઓપ્સન (બી)માં ગુરુ બ્રાહ્મણ સમાજ અપમાનિત થાય તેવા શબ્દનો ઉપયોગ કરી ને સમગ્ર સમાજ ને અપમાનિત કરેલ છે જેને લઈને સમગ્ર ગુજરાત માં વસવાટ કરતા ગુરુ બ્રાહ્મણ સમાજ ના



લોકોમાં ઠેસ પહોંચવા પામી છે અને પેપર કાઢનાર જવાબદાર સામે રોષ પ્રગટ થવા પામ્યો છે આ સમગ્ર બાબતને સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવેલ છે અને બનાસકાંઠા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે પેપર કાઢનાર બિન જવાબદાર વિકૃત મગજ ધરાવતા અધિકારીનું નામ જાહેર કરવા તેમજ તેમની સામે કાયદેસરના પગલા લઈને ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા દ્વારા માંગ કરવામાં આવી છે આ પ્રસંગે ગુરુ બ્રાહ્મણ સમાજ બ.કા.ના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસિયા, મંત્રી મોહનલાલ શ્રીમાળી, જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, અમીચંદભાઈ શ્રીમાળી, વી.ડી. શર્મા, ચંપકલાલ શ્રીમાળી, સતીષભાઈ જોષી સહિત મોટી સંખ્યામાં ગુરુ બ્રાહ્મણ સમાજના લોકો હાજર રહીને આવેદન અપાયું હતુ.

## ખેડબ્રહ્મા યુવા ગ્રુપ દ્વારા નોટબુકનું ચોથા વર્ષે પણ વિતરણ કરાયું

ખેડબ્રહ્મા શહેરમાં યુવાનો દ્વારા છેલા ૧૨ વર્ષથી યુવા ખેડબ્રહ્મા નામે ગ્રુપ ચલાવવામાં આવે છે. જે બાળકોને અભ્યાસમાં તાલુકાની ૨૫ શાળાઓમાં ૪૦૦૦૦ નોટબૂકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. યુવા ગૃપના બ્રિજેશ બારોટના જણાવ્યા




મદદરૂપ થાય છે. જેમના દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પોશીના તાલુકાની ૫૦ અને ખેડબ્રહ્મા અનુસાર યુવા ગ્રુપના યુવાનો દર રવિવારે બે કલાક ગરીબ બાળકોને અભ્યાસ કારાવે છે.



## બામણામાં કવિ સંમેલન યોજાયું

જ્ઞાનપીઠ પુરસ્કાર વિભુતિ મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીના માદરે વતન બામણા ગામમાં મારી ભાષા, મારૂ સાહિત્ય,મારૂ ગૌરવનું રસપાન કરાવવા સારૂ સ્વ. એસ.એચ. જોષી અને બી.કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડી.એમ.બી.પી. હાઈસ્કુલ, બામણાના સંયુક્ત ઉપક્રમે કવિ સંમેલન યોજાયું હતું. સાહિત્ય જગતના જાણીતા કવિ કૃષ્ણકાંત દવે, મુકેશ જોષી સહિત કવિગણ ઉપસ્થિત રહ્યા હતા. બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચીમનલાલ પંડ્યા,મંત્રી જગદીશભાઈ જોષી, કોલેજ આચાર્ય કલ્પનાબેન પટેલ, હાઈસ્કુલ આચાર્ય આર.ડી.પટેલ, બામણા ગ્રામ પંચાયત સરપંચ રાજેન્દ્રસિંહ જોધ્ધા, સુરેશભાઈ જોષી, અક્ષરભાઈ શેખ, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## NSUIએ સ્ટેચ્યુને લઈ વિરોધ નોંધાવ્યો, અંબાજી મંદિરમાં આવેદનપત્ર આપ્યું

આજરોજ અંબાજી મુકામે નેશનલ સ્ટુડનટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) દ્વારા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ના નાયબ મામલતદાર દવે સાહેબશ્રી ને અંબાજી ના હિત માટે. તેમજ સરકારશ્રી દ્વારા માં અંબા નું સ્ટેચ્યુ બનાવી સરકારના ભંડોળ નો દુરુપયોગ થઈ રહ્યો છે એ બાબતે આવેદનપત્ર આપવામા



આવ્યું . આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ સારી જગ્યાએ તેમજ નવીન જરૂરિયાત પૂરી પાડે અંબાજીને વિકસિત કરે અને અંબાજી મંદિર માં આવતા નાણાં નો દુરુપયોગ ના કરે તે અંગે આવેદન પત્ર આપવામાં આવ્યું.જેમા દાંતા તાલુકા પ્રમુખ ભવાનીસિંહ રાઠોડ , બ.કાં જિલ્લા મહામંત્રી સંજય યાદવ અને NSUIના કાર્યકર્તા હાજર રહ્યા હતા.

અંબાજી મા ભક્તો આવે છે ત્યારે માતાજી ના મંદિર ના દર્શન કરે છે અને જો સ્ટેચ્યુ બનાવવામાં આવશે તો લોકો ની આસ્થા સાથે ભારે અન્યાય થશે આમ અંબાજી મંદિર અને યાત્રાધામ વિભાગ આ બાબત નો નિર્ણય તાત્કાલીક ધોરણે બદલે તેવી માંગ અંબાજી ની જનતા કરી રહી છે સાથે અંબાજી આવતા માઈ ભક્તો પણ આ સ્ટેચ્યુ નો ઉગ્ર વિરોધ કરી રહી છે આજે કોંગ્રેસ ની યુવા પાંખ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

## વડગામમાં આવકના દાખલામાં ખોટી સહી કરીને દાખલો નિકાળાતા ટીડીઓના ધ્યાને આવ્યું

વડગામ તાલુકા માં છેલ્લા ઘણા સમયથી લેભાગુ તત્વો સક્રિય બન્યા છે તાલુકા ના અભણ ભોળા લોકોને ભોળવી ને પોતે પત્રકાર તેમજ સરકાર કર્મચારી હોવાના ડોળ કરીને લોકોને વિવિધ કામો કરાવવા ના બાના તળે રૂપીયા પડાવતા હોવાની રાડ ફરીયાદો તાલુકા ભરમાં ઉઠવા પામી છે.

તેની પ્રતીતિ કરાવતો કીસ્સો આજે વડગામ ટીડીઓ ના દયાને આવતાં તાલુકા માં ચકચાર મચી જવા પામી છે. જાણવા મળતી વિગતો મુજબ મેપડા ગામના ધરમાભાઈ ઈશ્વરભાઈ કંકોડિયા ના આવકના દાખલા માં તાલુકા ના જ એક શખ્સ દ્વારા પોતે તાલુકા પંચાયત નો કર્મચારી હોવાનું જણાવીને આવકના દાખલો મેળવવા ના ફોર્મમાં પોતે ખોટી સહી કરી જનસેવા કેન્દ્ર માં થી આવકનો દાખલો કઢાવી લેવાયો હતો.

પરંતુ જનસેવામાંથી આવકનો નો દાખલો નિકાળ્યા બાદ ટીડીઓ ની સહી કરાવવાની હોયછે ત્યારે આ અરજદાર વડગામ તાલુકા પંચાયત માં સહી કરાવવા જતાં લેભાગુ શખ્સ નો પોલ ખુલ્લો પડી ગયો હતો.

વડગામ તાલુકા પંચાયતમાં ના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મેપડા ગામના લક્ષ્મિબેન ધરમાભાઈ કંકોડીયા પોતાના દીકરાનો આવકનો દાખલો કઢાવવા માટે વડગામ તાલુકા પંચાયત માં આવ્યા હતા.તે સમયે તાલુકા ના જ એક ગામના શખ્સ દ્વારા આવકના દાખલા માટે ના ફોર્મ માં પોતે તા.પં કર્મચારી જણાવીને ગેરકાયદેસર રીતે સહી કરી હતી અને તરત જનસેવા કેન્દ્ર માં જઈને આવકના દાખલા ની પ્રિન્ટ પણ મને કઢાવી આપી તાલુકા પંચાયત માં સહી માટે મોકલ્યા હતાં જ્યાં તાલુકા પંચાયત ના કર્મચારી ને સહી બાબતે શંકા જતાં તપાસ કરી હતી અને અરજદારને આવકનો દાખલો આપ્યો ન હતો તરતજ વડગામ ટીડીઓ ના ધ્યાને લાવતા સમગ્ર પ્રકરણ બહાર આવવા પામ્યું હતું.



## મલેકપુર ગામમાં રસ્તાનું વર્ષો જુનું દબાણ દુર કરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયતના મતવિસ્તારના મલેકપુર ગામમાં આંબલી થી મલેકપુર પ્રાથમીક શાળા થઈ મલેકપુર દુધ મંડળી, પીપળા બસ સ્ટેન્ડ, દામા રોડ સુધી ૧.૫ કિ.મી. - ૩૦ ફુટના રસ્તાની આજુ-બાજુના ખેડુતોએ વર્ષોથી ગેરકાયદેસર દબાણો કરી રસ્તો બંધ કર્યો હતો.વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ મંગળાજી અસારી, તલાટી ક્રમ મંત્રી વી.આર. વરસાત, ગ્રામ પંચાયત સભ્યો, આગેવાનોના સાથ સહકારથી વર્ષો જુનું રસ્તા પૈકીનું દબાણ સહિયારા પ્રયાસોથી રસ્તો ગામ આગેવાનોએ ખુલ્લો કરાવતા પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. ગેરકાયદેસર દબાણ હટાવવાની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ગ્રામજનોએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ડીસાના વિશ્વકર્મા નગરમાં રખડતા ઢોરોનો ત્રાસ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે ત્યારે રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગરમાં રખડતાં ઢોરો ઘર આગળ પડેલા વાહનોને વ્યાપક નુકશાન કરતા હોવાની બુમરાડ ઉઠવા પામી છે.

ડીસામાં છેલ્લા ઘણા વર્ષોથી રખડતા ઢોરોની સમસ્યા વિકરાળ બની ગઈ છે હાઈવે અને જાહેર રોડ ઉપર ઢોરોના અડીંગા જોવા મળે છે તો રખડતા ઢોરના ટોળા સોસાયટીઓમાં અને રહેણાંક વિસ્તારોમાં હડિયું કાઢે છે તેથી જીવલેણ માર્ગ અકસ્માતો થાય છે ઢોરોના કારણે માનવ મૃત્યુ થવા પામ્યા છે તો ઘવાયેલાઓની સંખ્યા ઘણી મોટી છે તેમ છતાં નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી જો કે સફાળા જાગેલા તંત્ર દ્વારા રખડતા ઢોર પકડવાનું ચાલુ કરાયું છે ત્યારે શહેરના છેવાડે આવેલા રેલવે સ્ટેશન



વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધી પડ્યો છે રખડતા ઢોરોના ટોળેટોળા નગરમાં હડિયું કાઢી દોડાદોડ કરે છે તેથી તેમની અડફેટે આવનારનું તો આવી જ બને છે એટલું જ નહીં, ઢોરો ભૂરાંટા બની બાખડે છે જેમાં ઘરો આગળ પડેલા વાહનોનો કચ્ચરઘાણ વળી જાય છે મોંઘવારીમાં માંડ પરિવારનું ગુજરાન ચલાવનારા ને વાહનનું નુકસાન પડતા ઉપર પાટુ પુરવાર થાય છે ઢોરોના ત્રાસથી બીમાર, બાળકો અને ઘરડા લોકો બહાર નીકળતા પણ અચકાય છે તો મહિલાઓને પણ નીકળવું મુશ્કેલ થઈ જાય છે જેથી રખડતા ઢોરોના કારણે રહીશો બાનમાં મુકાય છે જેને ગંભીરતાથી લઈ પાલિકા તંત્ર સત્વરે આ વિસ્તારમાં રખડતા ઢોર પકડવા વિશેષ ઝુંબેશ હાથ ધરે તેવો જનમત પ્રવર્તે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧